ટ્રેન અડફેટે આવેલા યુવાનનું સારવાર દરમિયાન મોત

પલસાણા: કડોદરાના નવદુર્ગા નગર વિસ્તારમાં રહેતા અને મૂળ બિહારના વતની 41 વર્ષીય ચંદન શ્રીરામ ગુપ્તા ગત ૧૬મી તારીખે કીર્તિપ્રદા મિલ ખાતે કામ પર જઈ રહ્યા હતા. આ દરમિયાન રેલવે ટ્રેક ઓળંગતી વખતે અચાનક ટ્રેનની અડફેટે આવી જતાં તેમને શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘાયલ યુવાનને તાત્કાલિક સારવાર અર્થે સુરતની નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં પાંચ દિવસની ટૂંકી સારવાર બાદ શનિવારે તેનું મોત નીપજ્યું હતું. કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

અંકલેશ્વરમાંથી કાર ચોરી કરનાર નવસારીથી ઝડપાયો

અંકલેશ્વર: અંકલેશ્વરમાંથી કાર ચોરનાર રીઢો કાર ચોર નવસારીથી ઝડપાયો છે. સુરત ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, નવસારી રૂરલ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ગ્રીડ પાસે ખોડિયાર મોટર્સ નામના ગેરેજમાં ચોરીની લક્ઝુરિયસ ગાડીઓ છુપાવવામાં આવી છે. ટીમે દરોડો પાડતા ત્યાંથી સંજય મોવલીયા નામનો શખ્સ મળી આવ્યો હતો. ગેરેજની તપાસ કરતા તેમાંથી બે ફોર્ચ્યુનર કાર મળી આવી હતી. પોલીસે તપાસ કરતાં કાર અંકલેશ્વર જીઆઇડીસીમાંથી ચોરી થઈ હોવાનું સામે આવતા સંજયની અટકાયત કરી હતી.

પાલેજમાં જુગાર રમતા બે ઝડપાયા, બે ફરાર

ભરૂચ: પાલેજ પોલીસે પાલેજ ગામે ઝંડા ચોક પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા અલ્તાફ મુસ્તફા પઠાણ (ઉ.વ.45) અને નિશાર યુસુફભાઈ કોલાપુર (ઉ.વ.53) ને ઝડપી પાડ્યા હતા. જ્યારે અરુણ મહેશભાઈ પા.વા અને રાજુ ઉર્ફે ડોક્ટર વસાવા ભાગી છુટ્યા હતા. પોલીસે કુલ 2,570નો મુદ્દામાલ કબજે કરી તપાસ હાથ ધરી છે.

અંકલેશ્વરમાં દારૂના જથ્થા સાથે એક ઝડપાયો, એક ફરાર

અંકલેશ્વર: એલ.સી.બી. ભરૂચની ટીમે બાતમીના આધારે જૂના બોરભાઠા વિસ્તારમાં રેડ કરી હતી. જ્યાં ઉક્કળ મગન વસાવા પોતાના મકાનના પાછળના ભાગે વિદેશી દારૂનો જથ્થો સંતાળી રાખતા ઝડપાઈ ગયો હતો. પોલીસે સ્થળ પરથી કુલ 333 બોટલ ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો, જેની અંદાજિત કિંમત રૂપિયા 1,01,025 ગણવામાં આવી છે. આ દારૂનો જથ્થો નવાગામના મિતેશ ઉર્ફે કાલુ દ્વારા પૂરું પાડવામાં આવ્યો હતો, જે હાલ ફરાર છે અને પોલીસે તેની શોધખોળ હાથ ધરી છે.

પલસાણામાં બાંધકામ સાઈટની ઓફિસમાંથી એસીની ચોરી

પલસાણા: પલસાણાના કરણ ગામે આવેલી એક કન્સ્ટ્રક્શન સાઈટને નિશાન બનાવી તસ્કરો એસી યુનિટની ચોરી કરી હતી. કરણ ગામથી તલોદરા તરફ જતા રોડ પર પ્લોટ નંબર ૧૩/૧૪માં ચાલી રહેલી કન્સ્ટ્રક્શન સાઈટ પર રાખવામાં આવેલી કન્ટેનર ઓફિસની બારીની ગ્રીલ તોડી અજાણ્યો શખ્સ અંદર પ્રવેશ્યો હતો. તસ્કરો ઓફિસમાં લગાવેલું પેનાસોનિક કંપનીનું દોઢ ટનનું એસી આઉટડોર ફેન સાથે કિંમત રૂપિયા ૧૦,૦૦૦ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જે અંગે પલસાણા પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ હતી.

ખરવણમાં કોતરના પાણીમાં ડૂબી જતાં 3 વર્ષની બાળકીનું મોત

રમતા રમતા બાળકી ખેતરમાં પહોંચી હતી, નહેર બંધ કરાવતા બાળકી બેભાન હાલતમાં મળી આવી

અનાવલ: સુરત જિલ્લાના મહુવા તાલુકાના ખરવણ ગામે કોતરના પાણીમાં ડૂબી જવાથી 3 વર્ષીય બાળકીનું મોત નીપજ્યું હતું.

સુરત જિલ્લાના મહુવા તાલુકાના ખરવણ ગામ (બોબડ ફળિયા) ખાતે રહેતા હિરેનભાઈ પટેલની 3 વર્ષની દિકરી 21 માર્ચના રોજ સાંજના સમયે પોતાના ઘરે રમતી હતી અને રમત રમતમાં એકલી ઘરના પાછળ આવેલા ખેતર તરફ ચાલી ગઈ હતી. પરિવારજનોને શરૂઆતમાં લાગ્યું હતું કે બાળકી નજીકમાં જ રમતી હશે, પરંતુ લાંબા સમય સુધી ઘરે પરત ન આવતા તેની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. પિતાએ ખેતર તથા આસપાસના વિસ્તારોમાં શોધખોળ કરી છતાં કોઈ પત્તો ન લાગતા પડોશીઓ અને ઓળખીતાઓને જાણ કરવામાં આવી હતી અને સૌએ મળી શોધખોળ શરૂ કરી હતી. બાળકી મળી ન આવતા અંતે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસ ટીમ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. ઘર નજીક વહેતી નહેરમાં પાણીનો પ્રવાહ ચાલુ હોવાથી ઉપરથી પાણી બંધ કરાવી તપાસ કરતાં બાળકી ઊંડા પાણીમાંથી બેભાન હાલતમાં મળી આવી હતી. તાત્કાલિક તેને મહુવા સી.એચ.સી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી, જ્યાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ પાણીમાં ડૂબી જવાથી મોત થયાનું જાહેર કર્યું હતું. પોલીસે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી બાળકીનો મૃતદેહ અંતિમવિધિ માટે પરિવારને સોંપ્યો છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

ઝાડેશ્વરના ખેડૂતે શેરબજારમાં નફાની લાલચમાં રૂ.57.53 લાખ ગુમાવ્યા

FB પર સ્ટોક માર્કેટ રોકાણની જાહેરાત જોઈ ગ્રૂપમાં જોડાયા હતા, વિવિધ એપ ડાઉનલોડ કરાવી પૈસા ખંખેરી લીધા

ભરૂચ: ભરૂચના ઝાડેશ્વર ખાતે રહેતા ખેડૂત સાથે સાયબર ઠગોએ રૂ. 57.53 લાખની ભારે છેતરપિંડી કરી હોવાનો બનાવ સામે આવ્યો છે.

ઝાડેશ્વરમાં શ્રીરંગ ટાઉનશીપ સોસાયટીમાં રહેતા પુષ્પેન્દ્રસિંહ સુણવાએ સાયબ ક્રાઈમ પોલીસમાં FIRની વિગત મુજબ જણાવ્યું છે કે તેઓ જાન્યુઆરી અને ફેબ્રુઆરી-2026 દરમિયાન ફેસબુક પર સ્ટોક માર્કેટમાં રોકાણ અંગેની જાહેરાતો જોઈને તેમાં આકર્ષાયા હતા. પ્રથમ જાહેરાત પર ક્લિક કરતાં જ તેઓ 'New Berry 168 Vision Hub' નામના વોટ્સએપ ગ્રૂપમાં જોડાયા. આ ગ્રૂપમાં 'રાજેશ મોદી', 'અનન્યા અય્યર' અને 'મીના જોશી' નામની વ્યક્તિઓએ પોતાને 'ન્યૂ બેરી કેપિટલ પ્રા. લિ.' નામની એસઈબીઆઈ માન્યતા પ્રાપ્ત કંપની સાથે સંકળાયેલા ગણાવી, ઊંચા વળતરની લાલચ આપી હતી. ઠગોએ ફરિયાદીને 'NBCPL' નામની એપ ડાઉનલોડ કરાવી, અને તેમાં વિવિધ IPO ફાળવવાના બહાને અલગ-અલગ સાત બેંક ખાતામાં કુલ રૂ. 53,03,287 જમા કરાવડાવી લીધા હતા. ત્યારબાદ ફેબ્રુઆરી 2026માં બીજી જાહેરાતથી તેઓ 'B121 Kotak Navigator Community' નામના બીજા વોટ્સએપ ગ્રૂપમાં જોડાયા. અહીં 'અવનિકા મહેરા', 'રાજીવ સ્પાત્રાશી' અને 'કોટક હેલ્પ સપોર્ટ' નામની વ્યક્તિઓએ પોતાને 'કોટક સિક્યોરિટીઝ'નો ભાગ ગણાવી, 'kotmat' નામની બીજી એપ ડાઉનલોડ કરાવી અને અલગ-અલગ ચાર બેંક ખાતામાં રૂ.4,50,000 જમા કરાવડાવી લીધા.

આમ, બંને કેસમાં મળીને ફરિયાદી પાસેથી કુલ રૂ.57,53,293ની ઠગાઈ કરવામાં આવી. જ્યારે ફરિયાદીએ એપમાં બતાવાતું રોકાણ પરત મેળવવાનો પ્રયાસ કર્યો ત્યારે ઠગોએ વધારાની 'સર્વિસ ફી' તરીકે રૂ.6,42,918 ની માંગણી કરી હતી, જે ન કરતાં તેઓએ સંપર્ક તોડી નાખ્યો અને રકમ પરત આપી ન હતી. જેને લઈને તેઓએ પહેલાં સાયબર ક્રાઈમ હેલ્પલાઈન (૧૯૩૦) પર ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં રૂબરૂ ફરિયાદ આપતાં PI વી.એ. ડોડીયાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આશ્ચર્યમ! ખેડૂતો કહે છે, 'અહીં દીપડો પાકનું રક્ષણ કરે છે'

બારડોલીના કિકવાડમાં દીપડાએ કોઈને નુકસાન પહોંચાડ્યું નથી

જંગલી ભૂંડનો ત્રાસ નાબૂદ થયો, પાજરું મુકવા માટે અનિચ્છા

બારડોલી: બારડોલીના નવી કિકવાડ ગામે ગઈકાલે રાત્રે એક કદાવર દીપડો દેખાતા કુતૂહલ સર્જાયું હતું. જૂના હાઈવે પાસે આવેલા વજીરના ખેતરમાં જ્યારે મજૂરો પિયત કરી રહ્યા હતા, ત્યારે ખુલ્લા ખેતરમાં દીપડો આરામ ફરમાવતો નજરે પડ્યો હતો. આ અંગે સજાગ નાગરિક જીગ્નેશભાઈ રાઠોડે તાત્કાલિક 'ફ્રેન્ડ્સ ઓફ એનિમલ્સ વેલ્ફેર ટ્રસ્ટ'ના પ્રમુખ જતીન રાઠોડને જાણ કરી હતી. સ્થાનિકોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં લાંબા સમયથી દીપડા અને ઝરખની અવરજવર રહે છે. આશ્ચર્યજનક વાત એ છે કે આ વન્યજીવોએ ક્યારેય મજૂરો કે સ્થાનિકોને નુકસાન પહોંચાડ્યું નથી. ઊલટું, દીપડાની હાજરીને કારણે ખેતરોમાં જંગલી ભૂંડાનો ત્રાસ સાવ નાબૂદ થઈ ગયો છે, જેથી પાકનું રક્ષણ થાય છે. આ પ્રાકૃતિક સુરક્ષાને કારણે જ ખેડૂતોએ પાંજરું મૂકવાની પણ અનિચ્છા દર્શાવી છે, જે માનવ અને વન્યજીવ સહ-અસ્તિત્વનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડે છે.

કેટલાક લોકો ગામને પોતાની પેઢી સમજે છે: મોહન ઢોડિયા

બુહારીમાં સ્કૂલના લોકાર્પણને લઇ રાજકારણ ગરમાયું, ધારાસભ્ય મોહન ઢોડિયાએ આક્રમકતા અપનાવી વિરોધીઓને આડેહાથ લીધા

વાલોડ: વાલોડના બુહારી ગામે ઐતિહાસિક સરકારી મિશ્ર પ્રાથમિક શાળાના 1.90 કરોડના ખર્ચે તૈયાર થયેલા આધુનિક વિદ્યાધામનું ઉદ્ઘાટન ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાના હસ્તે કરાયું હતું. પરંતુ આ પ્રસંગે તેમણે ઉગ્ર ભાષામાં આપેલા કડક ભાષણથી રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. વિકાસનો શ્રેય લેનારાઓને ધારાસભ્યએ ચેતવણી આપતા ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાએ પોતાના સંબોધનમાં આક્રમક તેવર બતાવતા જણાવ્યું હતું કે, કેટલાક લોકોને માથા પર ચઢી ગયું છે અને ગામને પોતાની પેઢી સમજે છે. ચાર 'ડીંગળા' ઊભા કરી પોતે જ ઉદ્ઘાટન કરી વિડીયો અપલોડ કરી દે છે, પણ યાદ રાખજો કે આ માટે સરકારની પરમિશન લેવી પડે છે. જનતા મહાન છે, કોઈ વ્યક્તિ નહીં. બુહારીની જનતાએ મને ચૂંટીને મોકલ્યો છે અને વિકાસ કરવો એ મારી ફરજ છે. અને કટાક્ષ કરતાં જણાવ્યું કે, ગાડા નીચે કૂતરું ચાલે તો કૂતરાને એવો વહેમ હોય છે કે ગાડું હું ચલાવું છું, પણ સરકાર જ વિકાસ કરશે.

તાપી જિલ્લા ભાજપ મહામંત્રી અમિત પટેલે જણાવ્યું હતું કે, કેટલાક લુખ્ખા તત્વો આ સરકારી કાર્યક્રમમાં ગામના લોકોને હાજર ન રહેવા માટે દબાણ કરી રહ્યા હતા. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ગામનો વિકાસ સરકાર દ્વારા થાય છે. કોઈ વ્યક્તિ એમ કહે કે આ કામ મેં કર્યું છે, તો એ 'ફાકો' અને વહેમ મનમાંથી કાઢી નાખજો. શાળાનો ભવ્ય ઈતિહાસ અને આધુનિક સુવિધાઓમાં કુમાર અને કન્યા શાળાની

સર્વશિક્ષા ભવનને સાકાર કરવા માટે માજી આચાર્ય પ્રગ્નેશભાઈ પરમાર, દીપ્તિબેન પટેલ અને હાલના આચાર્ય નિવિતાબેનના સતત ફોલોઅપ અને પ્રયાસો સરાહનીય હતા. ધારાસભ્યના કાર્યક્રમમાં કડક વલણને ગ્રામજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું, જેણે સ્થાનિક રાજકારણમાં ભવિષ્યના નવા સમીકરણો તરફ ઈશારો કર્યો છે અને વિરોધીઓને મુતોડ જવાબ આપી દીધો છે.

કડોદરા ચાર રસ્તા પાસેથી ગાંજા સાથે બે પકડાયા

પલસાણા: કડોદરા GIDC પોલીસે કડોદરા ચાર રસ્તા પાસે મહાલક્ષ્મી સ્વીટ માર્ટની સામે બાઈક પર જઈ રહેલા બે શખ્સને 1.936 કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા છે. પકડાયેલા આરોપીઓમાં દિનેશભાઈ બોઘાભાઈ ભરવાડ (રહે., ડિંડોલી, સુરત) અને સમરસિંગ ગોધાનલાલ ચૌધરી (રહે., કડોદરા) નો સમાવેશ થાય છે. આ આરોપીઓ સુરતના રેલવે પટરી વિસ્તારમાંથી અજાણ્યા સપ્લાયર પાસેથી ગાંજો લાવ્યા હતા અને પલસાણાના તાતીથૈયા ખાતે રહેતા શિવમ નામના વ્યક્તિને પહોંચાડવાના હતા. આ શિવમ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં છૂટક વેચાણ કરતો હોવાનું ખુલ્યું છે. પોલીસે કુલ રૂ. 1,36,800નો મુદ્દામાલ કબજે કર્યો છે, પોલીસે ફરાર સપ્લાયર અને મંગાવનાર શિવમને વોન્ટેડ જાહેર કર્યા છે.

અંકલેશ્વર કન્ટેનર યાર્ડમાં ટ્રેલરની કેબિનમાં આગ

અંકલેશ્વર: અંકલેશ્વરના કસ્ટમ વિભાગના અંડરમાં આવેલા કન્ટેનર કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડના યાર્ડમાં ઊભા રહેલા એક ટ્રેલરની કેબિનમાં અચાનક આગ લાગતા કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ હતી. આગે થોડા જ સમયમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ઘટનાની જાણ થતાં જ પહોંચેલી અંકલેશ્વર નગરપાલિકાના ફાયર વિભાગની ટીમે પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. બનાવમાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી. યાર્ડમાં આયાત નિકાસ થતાં અનેક કન્ટેનરો મોજુદ હતા. જોકે તેમને કોઈ નુકશાન પહોંચ્યુ નહોતું.

પરબ ગામે કરિયાણાનો સામાન લેવા બાબતે યુવક પર હુમલો

કામરેજ: કામરેજના પરબ ગામે ઓમ ઈન્ડસ્ટ્રીઝ વિભાગ-૪માં ક્રિએશન નામના ખાતામાં રહીને ટીએફઓ મશીન ચલાવતાં પપ્પુ રામકુમાર મૌર્ય બે દિવસ અગાઉ કરિયાણાની દુકાન પર સામાન લેવા ઓમ ઈન્ડસ્ટ્રીઝમાં વિભાગ-3 માં ગયો હતો. અગાઉ સાથે કામ કરતો મુકેશ પ્રસાદ અને સુરજકુમાર બીરબહાદુર (બન્ને રહે., ઓમ ઈન્ડસ્ટ્રીઝ) પણ સામાન લેવા માટે આવ્યા હતા. સામાન લેવા માટે બન્ને જલ્દી કરતાં ઝઘડો કરવા લાગ્યા અને ગાળો આપવા લાગ્યા હતા. સાથે કામ કરતાં વીકીકુમાર સોની અને વિશાલ પ્રસાદ (બન્ને રહે., પરબ) પણ આવીને મારા મારી કરવા લાગ્યા હતા. પોતાની સાથે લાવેલા લાકડાનો ફટકા વડે મારવા લાગ્યા હતા. આ અંગે પપ્પુએ મુકેશ, સુરજ, વીકી અને વિશાલ સામે કામરેજ પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

સુરત જિલ્લાના 6 PI અને 2 PSIની આંતરિક બદલી

અમિતસિંહ ચાવડાને પાલોદ, એચ.આર. પઢિયારને માંગરોળ, વી.એલ. ગાગીયાને કામરેજ, એ.એસ. ચૌહાણને SOGમાં મુકાયા

કામરેજ: સુરત જિલ્લામાં નવા ત્રણ પોલીસમથક કાર્યરત થતાં જિલ્લા પોલીસ વડાએ છ પોલીસ ઈન્સ્પેક્ટર અને બે પીએસઆઈની બદલીનો ગંજીપો ચીપ્યો હતો.

રવિવારના રોજ રાજ્ય નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે જિલ્લાના માંડવી પોલીસમથકનું લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. સાથે સાથે જિલ્લામાં નવા ત્રણ પોલીસમથકો અનાવલ, તડકેશ્વર અને પાલોદ પોલીસ સ્ટેશનનું પણ લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. નવા શરૂ થયેલા પોલીસમથકો માટે સુરત જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢિયાએ જિલ્લામાં ફરજ બજાવતા છ પોલીસ ઈન્સ્પેક્ટર્સ તેમજ બે પીએસઆઈની બદલી કરી છે. જેમાં કામરેજ પોલીસ સ્ટેશનના પીઆઈ અમિતસિંહ ચાવડાને નવા શરૂ થયેલા પાલોદ પોલીસ મથકમાં, કામરેજ પોલીસમથકમાં જ ફરજ બજાવતા પીઆઈ એચ. આર. પઢિયારને માંગરોળ પોલીસમથકમાં, માંગરોળ પોલીસમથકના પીઆઈને નવા શરૂ થયેલા તડકેશ્વર પોલીસમથકમાં, સાયબર સેલના પીઆઈ વી. એલ. ગાગીયાને કામરેજ પોલીસમથકમાં, એસઓજી પીઆઈ બી. જી. ઈશરાણીને બારડોલી ટાઉન પોલીસમથકમાં, એ.એચ.ટી.યું.માં ફરજ બજાવતા એ. એસ. ચૌહાણને એસ.ઓ.જી.માં મુકવામાં આવ્યા છે. જ્યારે લીવ રિઝર્વમાં ફરજ બજાવતા પીએસઆઈ બી. એન. જાદવને તડકેશ્વર પોલીસમથકમાં અને પી. એચ. કછવાહાને કોસંબાથી પાલોદ પોલીસમથકમાં મુકવામાં આવ્યા છે.

ગુજરાત આજે દેશભરમાં સૌથી સુરક્ષિત રાજ્ય: હર્ષ સંઘવી

સુરત, વલસાડ અને તાપી જિલ્લામાં રૂ.૬૬ કરોડના ખર્ચે વિવિધ નવનિર્મિત પોલીસ સ્ટેશનો અને પોલીસ લાઈનનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતાં નાયબ મુખ્યમંત્રી

હિતેશ પટેલ

માંડવી: કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને વધુ સુદ્રઢ બનાવવાના અભિગમ સાથે સુરત જિલ્લાના માંડવી પોલીસ સ્ટેશન ખાતેથી કુલ રૂ.૬૬ કરોડના ખર્ચે સુરત, વલસાડ, તાપી જિલ્લા તેમજ રેલવે પોલીસના વિવિધ પ્રકલ્પોનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે ઈ-લોકાર્પણ-ઈ-ખાતમૂહુર્ત કરાયું હતું. નાયબ મુખ્યમંત્રીએ નવનિર્મિત માંડવી પોલીસ સ્ટેશનનું લોકાર્પણ, અનાવલ, તડકેશ્વર અને પાલોદ પોલીસ સ્ટેશન, તાપી જિલ્લામાં નવનિર્મિત સોનગઢ પો. સ્ટે., વલસાડ જિલ્લામાં નવનિર્મિત વલસાડ ગ્રામ્ય પો.સ્ટે. તેમજ પોલીસ લાઈન, વાપી રેલવે પો.સ્ટે. અને ડુંગરા પોલીસ લાઈનનું ઈ-લોકાર્પણ તથા વ્યારા પોલીસ મુખ્ય મથકમાં નવી પોલીસ લાઈનના બાંધકામનું ખાતમૂહુર્ત કર્યું હતું.

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, સુરક્ષા અને સુવિધાના નવા આયામો સર કરતું ગુજરાત આજે દેશભરમાં સૌથી સુરક્ષિત રાજ્ય છે. કાયદો અને વ્યવસ્થાની સુદ્રઢ સ્થિતિ અને સુરક્ષાના માપદંડોમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ હરોળમાં બિરાજમાન છે. વડીલો- સિનિયર સિટીઝનોએ નાની બાબતો માટે પોલીસ સ્ટેશનના ધક્કા ન ખાવા પડે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવશે. પોલીસ પર પ્રજાનો વિશ્વાસ વધે તે રીતે 'હોમ સર્વિસ' જેવી પહેલ શરૂ કરવાની દિશામાં રાજ્ય સરકાર કાર્યરત છે એમ તેમણે કહ્યું હતું.

એક્સપ્રેસ વે પર અકસ્માતમાં ડ્રાઇવરનાં બંને પગ છૂટા થઈ ગયા

માતર ટોલ પ્લાઝા પાસે કારચાલકે ડમ્પરના ડ્રાઇવરને ઉડાવ્યો, ઘટના સ્થળે જ મોત

પંક્ચર માટે લાવેલું જેક પરત આપવા જતાં અકસ્માત સર્જાયો

ભરૂચ: દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે પર માતર ટોલ પ્લાઝા નજીક એક ગમખ્વાર માર્ગ અકસ્માતમાં ડમ્પર ડ્રાઈવરના બંને પગ કપાઈ જતાં કાળ ભરખી ગયો હતો. અકસ્માત કરનાર હોન્ડા કારનાં ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોરબંદરના વેલજીપી એન્ડ સાયન્સ કંપનીના ડ્રાઈવર 44 વર્ષીય રાજુભાઈ રામભાઈ કાળાવદરા તેમના સાથી ડ્રાઈવરો સાથે હજીરા પોર્ટથી ડમ્પર ટ્રક લઈને પરત ફરી રહ્યા હતા. આ દરમિયાન માતર ટોલ પ્લાઝા પાસે તેમના સાથી ડ્રાઈવર મુળુભાઈ પુંજભાઈ પુછડીયાના ડમ્પરમાં પંક્ચર થયું હતું. જેથી તેઓ અને સાથી અજયભાઈ માતર ટોલ પ્લાઝા પાસે ઊભા રહીને ટાયરમાં હવા ચેક કરી હતી, પરંતુ સાથે જેક ન હતો. જેથી જેક લાવીને પરત કરવા મુળુભાઈ હાઈવે ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે ભરૂચથી વડોદરા તરફ જતી બાજુએ વેગે આવતી હોન્ડા અમેઝ કાર (નં GJ 06 BT 5952)એ તેમને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં મુળુભાઈના બંને પગ શરીરથી છુટા પડી ગયા હતા અને ઘટનાસ્થળે જ તેમનું મોત નીપજ્યું હતું. અકસ્માત બાદ કારચાલક ઉમેશભાઈ રમણભાઈ પટેલ (રહે., ઊંડેરા, કોયલી, જિ.વડોદરા) પણ ઘાયલ થયો હતો. ઘાયલ કાર ચાલક અને મૃતક ડ્રાઈવરને સારવાર અને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડાયા હતા.આ ઘટના અંગે રાજુભાઈ કાળાવદરા આમોદ પોલીસમાં હોન્ડા અમેઝ કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે.

નવાગામમાં જુગાર રમતી 6 મહિલા સહિત 7 પકડાયા

કામરેજ: નવાગામ નજીક શાલીગ્રામ ગંજીપાના પર હારજીતનો જુગાર રમતી 6 મહિલા સહિત સાતને કામરેજ પોલીસે ઝડપી પાડ્યા છે. કામરેજ પી.આઈ અમિતસિંહ ચાવડાને બાતમી મળી હતી કે નવાગામ શાલીગ્રામ ફ્લોરા ફ્લેટ નંબર એફ 402 માં અસ્મિતાબેન અશોક ગોધાણી ફ્લેટમાં હારજીતનો જુગાર રમાડે છે. જે બાતમીના આધારે સ્ટાફ સાથે રેડ કરતાં ગોળ કુંડાળું કરી જુગાર રમતી અસ્મિતા ગોધાણી (ઉ.વ.40, મૂળ ઘારી,જિ.અમરેલી), પ્રફુલાબેન રાજેન્દ્રભાઈ ઠેસીયા (ઉ.વ.52, રહે., 203, સૌરાષ્ટ્ર રેસિડન્સી, પાસોદરા, મૂળ ધોરાજી, જિ.રાજકોટ), જયોત્સનાબેન મુકેશ બાબરીયા (ઉ.વ.40, રહે., 16, નવજીવન સોસા., મોટા વરાછા, મૂળ મોટી મોણપરી, જિ.જુનાગઢ), રસીલાબેન ઉર્ફે શારદાબેન ભાવેશ રાઠોડ (ઉ.વ.40, રહે., 105, કસ્તુરબા એપાર્ટ., કામરેજ, મૂળ ગોંડલ, જિ.રાજકોટ), નીલમબેન અનિલ ગોહિલ (ઉ.વ.37, રહે., 504, સ્ટારગાર્ડ સોસાયટી, વરિયાવ, મૂળ માણામોરા, જિ.જામનગર), જસવંતીબેન કાંતિ પટેલ (ઉ.વ.49, રહે., 116, સાકેત સોસાયટી, સુદામા ચોક, મોટા વરાછા, મૂળ થોરડી, જિ.અમરેલી), સંજય ગોવિંદ ભાલિયા (ઉ.વ.32, રહે., 81, ઈશ્વરકૃપા સોસાયટી, એલ.એચ.રોડ, વરાછા, મૂળ સમડીયા, જિ.ગીરસોમનાથ) ને પકડી દાવ પરના રોકડા રૂ.4000, અંગઝડતી કરતાં રોકડા રૂ.15,200 મળી કુલ રૂ.20400ની મત્તા કબજે કરી હતી. જુગાર રમવા માટે રૂ.1200માં અસ્મિતાબેને વ્યવસ્થા કરી આપી હતી.

દંપતીના ઝઘડામાં પાડોશીને પતિએ ચપ્પુ મારી દીધું

કામરેજ: કામરેજ તાલુકાના ખોલવડ ગામે આર. કે. કોલોનીમાં ગણેશ મગુ નાયકા પરિવાર સાથે રહે છે. બે દિવસ અગાઉ રાત્રિએ પાડોશમાં રહેતો રાકેશ રાજેશ રાઠોડ તેની પત્ની પુનમબેન સાથે ઝઘડો કરતા પુનમબેન તેમના ઘરમાં આવી ગયા હતા રાકેશ ચપ્પુ લઈને આવીને પત્નીને ઘરની બહાર નીકળવા માટે જણાવતો હતો. ગણેશના ભાઈએ જણાવ્યું કે તારા નાના બાળકો છે, પત્ની સાથે કેમ ઝઘડો કરે છે, તેમ કહેતા રાકેશે ધક્કો મારી દીધો હતો. ગણેશની સાથે પણ બોલાચાલી કરીને રાકેશે ડાબા હાથમાં, પેટના ભાગે ચપ્પુ મારી દીધું હતું. ગણેશ લોહીલુહાણ થતાં હોસ્પિટલ લઈ જવાયા હતા, આ ઘટના અંગે કામરેજ પોલીસમથકમાં રાકેશ રાઠોડ સામે ફરિયાદ નોંધાવી હતી.

પાલોદ પોલીસ ચોકી પોલીસ સ્ટેશન બનતા ચકરાવો મટશે

ઈબ્રાહીમ કાનુ

હથોડા: ઔધોગિક એકમ ધરાવતો એરીયો અને તેર ગામડા તેમજ નેશનલ હાઈવેનો વિસ્તાર સાચવતી અને કોસંબા પોલીસમથકની હદની પાલોદ પોલીસ ચોકી પોલીસ સ્ટેશન બનતા સ્થાનિકોમાં ખુશી જોવા મળી છે. પીપોદરા જીઆઈડીસી સહિત નવાપરા, મોટા બોરસરા, લીંડીયાત અને મોટી નારોલી જેવા ઔધોગિક એકમોમાં 3,000થી વધુ ફેક્ટરીઓ અને આસપાસના 13 ગામોની સુરક્ષાની જવાબદારી આ પોલીસ ચોકી હસ્તક હોવા છતાં કોઈ ગંભીર ગુનો બને ત્યારે છેક કોસંબા પોલીસે 17 કિલોમીટરનો ચકરાવો કાપીને પાલોદ પોલીસ ચોકીએ આવવું પડતું હતું. પાલોદ પોલીસ ચોકી હદ વિસ્તારમાં ગુનાખોરીનો ગ્રાફ ઊંચે જતાં તેમજ સ્ટેટ મોનેટરિંગ સેલ દ્વારા અવાર-નવાર દારૂની મોટી રેડને પગલે ફરજમાં બેદરકારી બદલ કોસંબા પોલીસે ઘરે બેસવાનો પણ વારો આવતો હતો. હવે કોસંબાથી થતો કારભાર બંધ થશે અને અહીં કાયમી પીઆઈની નિમણૂકની સાથોસાથ સ્ટાફની તેમજ પીએસઓ ટેબલથી લઈને તમામ સુવિધાથી સજ્જતા સાથે પોલીસ સ્ટેશન તરીકે કાર્યરત થઈ જતાં લોકોમાં ખુશી છવાઈ છે.

બલેશ્વર પાટિયા પાસે ટેન્કર-લક્ઝરીનો અકસ્માત

પલસાણા: બલેશ્વર ગામે ને.હા. નં. 48 પર દૂધ ભરેલું ટેન્કર (નં. GJ 21 W 7710) મુંબઈ તરફ જતું હતું ત્યારે તેની પાછળથી આવતી એમ.આર. ટ્રાવેલર્સની લક્ઝરી બસ (નં. AR 11 C 7272) સાથે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કરના કારણે બસનો આગળનો ભાગ અને ટેન્કરનો પાછળનો ભાગ ગંભીર રીતે ક્ષતિગ્રસ્ત થયો હતો. અકસ્માત બાદ આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં સુરત જિલ્લા ટ્રાફિક પોલીસ પણ તુરંત સ્થળ પર પહોંચી ગઈ હતી